### છાંયડો શોધતા મૂંગા પશુ

# ઈડર-બાયડમાં અગન વર્ષા, ૪૧ ડિગ્રી તાપમાનથી પ્રજા અકળાઈ

## આજે તાપમાનનો પારો ૧ થી ૨ ડિગ્રી વધવાની ધારણા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

કુદરતનો અગનખેલ શરૂ થયો છે સોમવારે ગરમીમાં રાહત જોવા મળી પરંતુ ફરી તાપમાનનો પારો ઉંચકાઈ રહ્યો છે. સોમવારે બપોર બાદ તાપમાનનો પારો અનેક વિસ્તારોમાં ૪૦ થી ૪૧ ડિગ્રીની સપાટીએ પહોંચ્યો હતો જેના કારણે માર્ગો ઉપર વાહનોની પાંખી હાજરી જોવા મળી. ગ્રામ્ય વિસ્તારોના માર્ગો સૂમસામ જોવા મળ્યા હતા. કેટલાક સેવાભાવિઓ દ્વારા ગરમી વધતાં પંખીઓ માટે પાણીનાં કુંડાંનું વિતરણ શરૂ કર્યું છે. હવામાન વિભાગનું માનીએ તો બાયડ, ઈડર, મોડાસા, ભિલોડા સહિતના વિસ્તારોમાં આજે તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને આંબી શકે છે.



જિલ્લાના ઈડર અને બાયડમાં અગનવર્ષા થઈ હોય તે રીતે તાપમાનનો પારો ૪૧ ડિગ્રીને આંબી જતાં પ્રજા, પશુ-પંખી અને વેપારીઓ અકળાયા હતા. આજથી ૨ દિવસ તાપમાનનો પારો ૧ થી ૨ ડિગ્રી વધે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે. સતત વધતા કોરોનાના સંક્રમણમાં ગરમીનો પારો ઉંચકાતાં તંત્રને બે મોરચે લડવાની નોબત આવી છે.




સતત ગરમી પડે તો નાના બાળકો અને વૃદ્ધોમાં ડીહાઈડ્રેશનનું પ્રમાણ વધવાની સાથે ડાયેરીયા વધવાની સંભાવના છે. લૂ લાગવાના બનાવો પણ વધવાની દહેશત સેવાય છે. પાછલા ૩ દિવસ દરમ્યાન પરોઢે ધુમ્મસ અને ત્યારબાદ તાપમાનનો પારો ઉંચકાતાં અગાઉના તાપમાન કરતાં ૨ ડિગ્રી તાપમાન નીચું રહેવાથી પ્રજાને ગરમી વધતાં પ્રજાને વૃક્ષોનું મહત્વ સમજાઈ રહ્યું છે. ઠેક ઠેકાણે વૃક્ષછેદન પ્રવૃત્તિએ માઝા મૂકી છે ત્યારે કાળઝાળ ગરમીમાં મૂંગા પશુઓ છાંયડો શોધતા જોવા મળ્યા હતા.

# જરુર પડશે તો ગાંધીનગરમાં પણ ટ્રેક્ટર રેલી થશે: રાકેશ ટિકૈત

## ગુજરાતમાં ખેડૂતોની જમીન છીનવાઈ તે રીતે દેશમાં પણ છીનવાઈ રહી છે, રાજ્યના ખેડૂતોને ઘણી સમસ્યાનો દાવો

ગાંધીનગર,તા.૫

ખેડૂત આગેવાન રાકેશ ટિકૈત ૨ દિવસના ગુજરાત પ્રવાસે છે, ત્યારે આજે પૂર્વ મુખ્યમંત્રી



શંકરસિંહ વાઘેલા સાથે ગાંધી આશ્રમ પહોંચ્યા હતા. ગાંધી આશ્રમ ખાતે ગાંધીજીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી ટિકૈતે જણાવ્યું હતું કે હવે ગુજરાતમાં પણ આંદોલન શરૂ થશે. આ આંદોલનમાં ગાંધીનગરનો ઘેરાવ કરીને ત્યાં પણ ટ્રેકટર સાથે બેરિકેડ્સ તોડવાની ચીમકી તેમણે ઉચ્ચારી હતી.

ખેડૂત આગેવાને રાકેશ ટિકૈતે જણાવ્યું હતું કે ભાજપમાં અમારા કારણે ભય ફેલાઈ રહ્યો છે. અત્યારે ખેડૂત આંદોલન શાંતિપૂર્ણ રીતે ચાલી રહ્યું છે, ધરણાં શાંતિથી ચાલી રહ્યાં છે. ગુજરાતમાં જે રીતે ખેડૂતોની જમીન છીનવાઈ રહી છે એ રીતે સમગ્ર દેશમાં પણ છીનવાઈ રહી છે. ગુજરાતના ખેડૂતોને પણ અનેક સમસ્યા છે પણ તેમની પાસે જબરદસ્તી ખોટું બોલાવાય છે. ૩ રૂપિયે કિલો બટાટા મળવાની વાત છે, પરંતુ ૩ રૂપિયે કિલો તો ગોબર પણ મળતું નથી. તો ખેડૂત શું કમાશે.

ગુજરાતના ખેડૂતોનો ડર દૂર કરવા આજે હું અહીં આવ્યો છું. આગામી સમયમાં ગાંધીનગરનો ઘેરાવ કરાશે અને આંદોલન ઉગ્ર બનાવીશું. ઘેરાવથી જ ગુજરાતના ખેડૂતો જાગ્રત થશે. હવે ટ્રેક્ટરનો ઉપયોગ માત્ર ખેતી માટે જ નહિ, પરંતુ આંદોલનમાં પણ કરાશે. ગાંધીનગરનો ઘેરાવ કરીને



બેરિકેડ્સ તોડવામાં આવશે.

સરદાર પટેલ સ્ટેડિયમનું નામ બદલીને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ કરવામાં આવ્યું છે. ભવિષ્યમાં સાબરમતી અને ગાંધી આશ્રમનાં પણ નામ બદલાઈ શકે છે. જ્યાં જ્યાં ચૂંટણી હોય ત્યાં કોરોના નથી હોતો અને જ્યાં આંદોલન ચાલુ હોય ત્યાં જ કોરોના આવે છે. અમે કોરોનાથી ડરતા નથી અને આંદોલન ચાલુ જ રાખીશું, એવું રાકેશ ટિકૈતે કહ્યું હતું.

# વિશ્વ વિખ્યાત જાદુગર જુનિયર કે. લાલનું કોરોનાથી નિધન

અમદાવાદ,તા.૫

કાંતિલાલ ગિરધરલાલ વોરા એટલે ''કે.લાલ'', જેઓ તેમની જાદુઈ કળા માટે વિશ્વ પ્રસિદ્ધ હતા. જેમણે તેમની ૬૨ વર્ષની કરિયરમાં અંદાજિત ૨૨ હજારથી પણ વધુ જાદુના પ્રયોગો વિશ્વના ખૂણે ખૂણે કર્યા હતા. તેમની સાથે તેમના પુત્ર હર્ષદરાય વોરા (હસુભાઈ વોરા)ના ટૂંકા નામે પણ ઓળખાય છે, તેઓ કે.લાલ સાથે જાદુઈ કળાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેતા હતા. આ જુનિયર કે.લાલનું આજે અમદાવાદ ખાતે કોરોનાના કારણે દુઃખદ અવસાન થયું છે.



લગભગ ૩૨ વર્ષ સુધી પિતા-પુત્રે એકસાથે વિશ્વના ખુણે-ખુણે એક જ સ્ટેજ પર જાદુના શો કર્યા અને જુનિયર કે.લાલ તરીકે પ્રસિદ્ધી મેળવી. ૧૯૬૮માં અમેરિકાની આઈબીએમ સંસ્થાએ હસુભાઈને વિશ્વના સૌથી ઝડપી જાદુગરનો ખિતાબ આપ્યો. તેઓ તેમની અમુક જાદુ કલા, જેવી કે શરીરથી હાથ જુદા કરવા, જાયન્ટ કીલર શો, ધ ફ્લાઈગ લેડી અને એવીલ જોકરને કારણે સારી એવી લોકપ્રિયતા મેળવી હતી. કોરોનાની મહામારી માં હસુભાઈ પણ ઝડપાયેલા આજે તેમનું અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયું છે

જુનિયર કે.લાલ કોરોનાથી સંક્રમિત થતાં તેમને વધુ સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં તેમની તબિયત વધુ લથડતા સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

## સમાચાર રફ્તાર

- બંગાળના રણસંગ્રામમાં હવે મિથુન ચક્રવર્તી સામે જયા બચ્ચન પ્રચાર કરશે.
- ઝાયડસ કેડીલાએ કોરોના સામે હીપેટાઈટીસની દવાના ઉપયોગની મંજૂરી માંગી.
- રાજ્યમાં ગરમી ૪૧ ડિગ્રી પર પહોંચી.
- શેરબજાર ફરી કોરોનાગ્રસ્ત, સેન્સેક્સ ૧૪૦૮ પોઈન્ટ ઘટ્યો.
- કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે શહીદ જવાનોને અંજલી આપી.
- યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો.
- મહારાષ્ટ્રના ગૃહમંત્રી અનીલ દેશમુખે રાજીનામુ આપતા નવા ગૃહમંત્રી તરીકે દિલિપ પાટીલ નિમાયા.
- ગુજરાત મંત્રીમંડળના છ મંત્રીઓના કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત.
- ખેડૂત નેતા રાકેશ ટીકૈતની ગાંધી આશ્રમની મુલાકાત.
- બોલીવુડના અભિનેતા અક્ષયકુમાર બાદ વીકે કૌશલ અને ભૂમિ પેડનેકર પણ કોરોનાથી સંક્રમિત.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૭મીએ સાંજે ૭ વાગે પરીક્ષા પે ચર્ચાનો કાર્યક્રમ કરશે.
- કાલાવડના ધારાસભ્ય કવિ મુસડીયા કોરોનાગ્રસ્ત.
- મહારાષ્ટ્રથી સુરત આવતી બસો બંધ કરાઈ.
- ઉત્તરાખંડના જંગલોની આગ વાયુસેનાના વિમાનો બુઝાવશે.
- સામાન્ય વહીવટ વિભાગે ખાનગી હોસ્પિટલના બેડ કોવીડ હોસ્પિટલ માટે લેવા કલેક્ટરોને સત્તા આપી.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૮મીએ તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરશે.
- ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાના ભાઈ ભૂપેન્દ્રસિંહ જાડેજા પણ કોરોનાથી સંક્રમિત.
- જાણીતા અભિનેતા અક્ષયકુમારની તબીયત લથડતા હોસ્પિટલમાં દાખલ કરાયા.
- અક્ષયકુમાર બાદ રામસેતુના ૪૫ જુનિયર આર્ટીસ્ટ પણ કોરોનાથી સંક્રમિત.

### ખારીબેડીના બે યુવકોને જંગલ અધિકારીઓએ

# ઢોરમાર માર્યાનો આક્ષેપ આદિવાસી સમાજની પ્રથમ મહાપંચાયતમાં

ઈડર (બ્યુરો ઓફિસ) તા.પ.

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના ખારીબેડી ગામે ૨૦ દિવસ અગાઉ બે યુવકને માર મરાયાની ઘટના બની હતી. જમીનના માર્કિંગ બાબતે ફોરેસ્ટ



વિભાગના કેટલાક કર્મચારીઓએ બે યુવકોને ગામમાંથી ઉપાડી જઈ ધોલવાણી રેન્જ ફોરેસ્ટ ઓફિસમાં ઢોરમાર માર્યો હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. આ ઘટના વિરુદ્ધ સમસ્ત જિલ્લાના આદિવાસી સમાજમાં ખૂબ રોષ પ્રવર્તાયો છે. એમાં પણ ૨૦ દિવસ પછી પણ આ બાબતે પોલીસ ફરિયાદ ના લેવાતા મામલો વધુ ગરમાયો છે. પીડિત યુવકોને ન્યાય મળે અને જવાબદાર અધિકારીઓને સજા થાય તેવી ઉગ્ર માંગ ઉઠી છે. આ મુદ્દાને લઈ ગઈકાલે ખારીબેડી ગામે આદિવાસી સમાજની પ્રથમ મહાપંચાયત યોજાઈ હતી. જેમાં આદિવાસી સમાજના આગેવાનો અને મોટી સંખ્યામાં યુવાનો ઉમટી પડ્યા હતા.

આદિવાસી સમાજની મહાપંચાયતને લઈ સાબરકાંઠા જિલ્લા પોલીસ નો કાફલો ખડકી દેવામાં આવ્યો હતો. સમગ્ર પંથક પોલીસ છાવણીમાં તબદીલ થઈ ગયું હતું. આદિવાસી સમાજના અગ્રણીઓએ ચીમકી ઉચ્ચારી છે કે જો આવનારા ૪૮ કલાકની અંદરમાં સાબરકાંઠા પોલીસ ફરિયાદ નોંધી કાર્યવાહી નહીં કરે તો સમગ્ર આદિવાસી સમાજ સાબરકાંઠા જિલ્લા વડા પોલીસ કચેરીએ આંદોલન કરશે. સમાજના આગેવાનોની હાજરીમાં પ્રથમ મહાસભા યોજાઈ. જેમાં આદિવાસી સમાજના આગેવાન અને દેડીયાપાડાના ધારાસભ્ય મહેશભાઈ વસાવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય મહેશભાઈ વસાવાએ આડકતરી રીતે ભાજપ- કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું.

આ અંગે પીડિત યુવાનના જણાવ્યા અનુસાર તેને ફોરેસ્ટના કર્મચારીઓ દ્વારા ઢોર માર મારવામાં આવ્યો જેને લઈ તેને ખેડબ્રહ્મા સિવિલ હોસ્પિટલે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. આ ઘટનાના બીજા દિવસે ગામના આગેવાનો સાથે વિજયનગર પોલીસ મથકે ફરિયાદ કરવા ગયા હતા પરંતુ પોલીસ દ્વારા ફરિયાદ ના લેવાતા તેઓએ સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા તેમજ જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવવ્યુ હતું પરંતુ કાર્યવાહી ન થતા બાદમાં ફરીથી ઈડર ડી.વાય.એસ.પી કચેરી ખાતે લેખિતમાં જવાબ લેવાયો તેમ છતાં ફરિયાદ ના લેવાતા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા લના આદિવાસી સમાજના યુવકો દ્વારા ખારીબેડી ગામે આદિવાસી મહાપંચાયતનું આયોજન કરાયું છે. આગેવાનોએ જણાવ્યું કે સમાજને એકત્રિત કરવાના હેતુથી આજે ખારીબેડી ગામે સમાજના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા છે. અને પીડિત યુવાનોને ન્યાય મળે તે માટે સમાજ એકત્રિત થઈ સાથ આપશે તેવો વિશ્વાસ વ્યકત કારવામાં આવ્યો.

## દુઃખદ અવસાન

માલપુર તાલુકાના ઉભરાણ ગામના પ્રવિણભાઈ ઠેકડી(નિવૃત્ત



અધિકારી : પ્રાઈમ બેન્ક, બાયડ), ધીરૂભાઈ ઠેકડીના ભાઈ બાબુભાઈ ઠેકડીનું નિધન થતાં ઉભરાણ પંથકમાં શોકની લાગણી છવાઈ છે.

# રામસણ પાસે ટેન્કર અને બાઈક ટકરાતાં એકનું મોત

### પિતા પુત્રને અકસ્માત નડતા પિતાનું મોત : પુત્ર ગંભીર ફરાર દૂધના ટેન્કરચાલક વિરૂદ્ધ ફરીયાદ દાખલ

ડીસા તાલુકાના રામસણ ગામે બાઈક પર જતાં પિતા-પુત્રને બેફામ દૂધના ટેક્રરે અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. જેમા બાઈકમાં સવાર વ્યક્તિનું સારવાર પહેલાં જ મોત થતાં ચકચાર મચી ગઈ છે. ગઈકાલે બપોરના સમયે ડીસા તાલુકાના ગામે બેફામ દોડતા દૂધના ટેક્રરે બાઈક પર જતાં પિતા-પુત્રને અડફેટે લીધા હતા. જે બાદમાં પુત્રને સારવાર અર્થે ડીસા ખસેડ્યા બાદ પિતાને ગંભીર ઈજાઓ હોઈ મહેસાણા ખસેડવામાં આવ્યા હતા. જોકે રસ્તામાં જ તેમનું મોત થતાં પરિવારજનો શોકમગ્ન બન્યા છે. સમગ્ર મામલે ફરાર ટેક્રર ચાલક સામે આગથળા પોલીસ મથકે ગુનો નોંધાતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લાના ડીસા તાલુકાના રામસણ ગામની સીમમાં ગઈકાલે બપોરના સમયે રામસણના ભરતભાઈ પ્રતાપચંદ ત્રિવેદી અને નિવીદભાઈ ભરતભાઈ ત્રિવેદી બંને પિતા-પુત્ર બાઈક લઈ રામસણ આવી રહ્યા હતા. આ દરમ્યાન સામેથી બેફામ દૂધના ટેક્રરના ચાલકે તેમને અડફેટે લેતાં બંનેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે બાદમાં નિવીદભાઈને ડીસાની દિનેશ પટેલની રૂદ્ર હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. આ તરફ ભરતભાઈને ગંભીર ઈજાઓ હોઈ તેમને મહેસાણા ખસેડતાં રસ્તામાં જ તેમનું મોત થયુ છે.

**મહાજંગમાં...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વોર્ડ નં. ૧ માં ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, બે ઉમેદવારો રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી તેમજ ૬ અપક્ષ ઉમેદવારો મેદાનમાં રહ્યા હોવાથી આ જંગ રોચક બનશે તેવું રાજકીય નીરીક્ષકોનું માનવું છે.

વોર્ડ નં. ૫ માંથી આજે આમ આદમી પાર્ટીના બે ઉમેદવારોએ ઉમેદવારી પત્ર પાછા ખેંચ્યા છે. આ વોર્ડમાં હવે ૧૧ ઉમેદવારો મેદાનમાં છે. ત્યાં ૪ ભાજપ, ૪ કોંગ્રેસ, ૨ આમ આદમી પાર્ટી અને એક બસપાના ઉમેદવાર મેદાનમાં છે. વોર્ડ નં. ૬ માંથી આજે બે ઉમેદવારોએ ઉમેદવારી પત્ર પાછા ખેંચ્યા બાદ ૧૭ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ૪ ભાજપ, ૪ આમ આદમી પાર્ટી, ૪ કોંગ્રેસ, ૧ બસપા, ૨ અપક્ષ અને ૧ ગરવી ગુજરાત પાર્ટીના ઉમેદવાર મેદાનમાં છે.

આજે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થયા બાદ વોર્ડ નં. ૧ માં ૨૦, વોર્ડ નં. ૨ માં ૧૩, વોર્ડ નં. ૩ માં ૧૪, વોર્ડ નં. ૪ માં ૧૪, વોર્ડ નં. ૫ માં ૧૧, વોર્ડ નં. ૬ માં ૧૭, વોર્ડ નં. ૭ માં ૧૩, વોર્ડ નં. ૮ માં ૧૮, વોર્ડ નં. ૯ માં ૧૪, વોર્ડ નં. ૧૦ માં ૧૫ અને વોર્ડ નં. ૧૧ માં ૧૪ ઉમેદવારો મેદાનમાં છે.

**વધુ ૬૬ કેસ...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૮ કેસ મળી આવતાં તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર તાલુકાના પેથાપુર ગામેથી ૫ કેસ, સરગાસણમાંથી બે કેસ, ઉનાવામાંથી ૩ કેસ, વાવોલમાંથી ૩ કેસ ઉપરાંત અડાલજ, ભાટ, છાલા, રાયસણ, ઝુંડાલ ગામેથી કેસો મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામે ૩૦ થી વધુ કેસ નોંધાયાનું બિનસત્તાવાર સૂત્રોએ જણાવ્યુ છે. જો કે તંત્રએ ધણપની જેમ ડભોડા અંગે પણ આજે મૌન સેવ્યુ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૪૪૬ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૧૯૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૨૧૮૧ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોને પગલે હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું અસરકારક મોનીટરીંગ કરવા માટેની કડક સૂચનાઓ તંત્રએ જારી કરી છે.

ગાંધીનગર શહેરમાં આજે નવા ૩૩ કેસ કોરોનાના મળી આવ્યા છે. આજે નોંધાયેલા કેસોમાં ૧૯ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં મોટીવયના દર્દીઓ પણ નોંધપાત્ર સંખ્યામાં છે. આજે નોંધાયેલા કેસોમાં એક દર્દીને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે જ્યારે બાકીના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આજે સંક્રમિત થનારાઓમાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાનો કર્મયોગી, પી.ડી.પી.યુ.ના કર્મયોગી, પંચમહાલમાં મુખ્ય સેવિકા તરીકે ફરજો બજાવતી મહિલા, એડવોકેટ, વેડા સ્કૂલના શિક્ષક, ઉદ્યોગભવનમાં જીએસપીસીમાં ફરજો બજાવતા કારકુન, પોલીસ કમાન્ડો, ડ્રાયવર, ક્લાર્ક, ગેસ ગોડાઉનનો કર્મયોગી, વેપારીનો સમાવેશ થાય છે.

શહેરમાં સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેમાંય ખાસ કરીને મહિલાઓ અને મોટી વયના લોકોના કેસ મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે સે. ૨૬ માં અને સે. ૨ માંથી પાંચ-પાંચ કેસ તેમજ સે. ૧૨, ૧૬, ૧૪, ૨૩ અને ૩૦ માંથી ૩-૩ કેસ તેમજ સે. ૨૨ માંથી બે કેસ મળવા ઉપરાંત સે. ૧૩, ૬, ૫, ૨૯, ૨૧ અને સે. ૨૪ માંથી પણ એક-એક કેસ મળી આવેલ છે.

શહેરમાં જેટ ગતિએ કેસો વધતાં તંત્રએ આગામી દિવસોમાં આકરા પગલા લેવાની વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૩૦૦ની નજીક પહોંચી છે. શહેરમાં કન્ટેનમેન્ટ જોનની સંખ્યા વધીને ૨૭૫ પર પહોંચી છે.

શહેરમાં ૬ હજારથી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. શહેરમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાય તે જોવા માટેની કડક સૂચનાઓ આપવામાં આવી છે. આ ઉપરાંત હોમ આઈસોલેશનના નિયમોનું ચુસ્તતાથી પાલન થાય તેમજ મોનીટરીંગ થાય તે જોવા પણ જણાવાયુ છે.

**વહીવટદારો ગોઠવવાનું...** ● પાંચમા પાનાનું ચાલુ

જમીનના વિવાદી કેસમાં અનેક ખેડૂતોને ખંખેરવાની સાથે મામલતદાર કચેરીમાં વહીવટદારો દ્વારા તમામ વહીવટ થતા હોવાના ગંભીર આક્ષેપ પછી થોડાક સમય માટે કચેરીમાં સુધાર આવ્યો પરંતુ હવે કચેરીમાં અનેક કામો માટે બાયડ તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી અરજદારો આવતા થયા છે. ત્યારે વહીવટદારો ફરીથી પોતાના મલાઈદાર ટેબલ ઉપર ગોઠવાઈ જવા માટે રાજકીય ભલામણથી માંડી પદાધિકારીઓના શરણે ગયા છે. બાયડ મામલતદાર કચેરીમાં ચાલતા ભ્રષ્ટાચાર બાબતે ઉચ્ચ કક્ષાએથી ઓચિંતિ તપાસ થાય તો અનેક ચોંકાવનારી વિગતો સામે આવી શકે છે. ભૂતકાળમાં કેટલાક વિવાદાસ્પદ કેસમાં આર્થિક લાભ જોઈને ચૂકાદા આપ્યાના પણ અરજદારો આક્ષેપ કરી ચૂક્યા છે. આ સંજોગોમાં ફરી એકવાર વહીવટદારો ગોઠવાઈ જશે અને અરજદારોને ચૂસી નાખશે. આ સંજોગોમાં બાયડ મામલતદાર સ્વચ્છ અને પારદર્શક વહીવટની વાત કરતા હોય તો પોતાની ચેમ્બર નીચે લાવી દેવી જોઈએ જેથી કયા વહીવટદારો દરરોજ ક્યાં ગોઠવાય છે અને કોના સંપર્કમાં આવે છે..?? તેની તમામ વિગતો નજર સમક્ષ આવી શકે.

# ધનસુરાના જાણીતા બાળરોગ નિષ્ણાત ડૉ. જ્યોતિબેન દેવકુલેનું નિધન

### સમગ્ર પંથકમાં શોક છવાયો, ન્યુમોનિયાની બિમારી સામે જંગ હાર્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

ધનસુરાના જાણીતા બાળરોગ નિષ્ણાત ડાૅ.જ્યોતિબેન પી. દેવકુલેનું ૭૮ વર્ષની વયે ન્યુમોનિયાની બિમારીથી મોડાસામાં નિધન થતાં સમગ્ર પંથકમાં શોક છવાયો છે તેમના નિધન બદલ મોડાસા, ધનસુરા, બાયડ, ભિલોડા આઈ.એમ.એ. એસોસીએશને ઉંડો શોક વ્યક્ત કર્યો છે.



અરવલ્લી જિલ્લાની વિખ્યાત વાત્રક હોસ્પિટલમાં ૧૧ વર્ષ સુધી બાળરોગ નિષ્ણાત તરીકે સેવાઓ આપ્યા પછી તેઓ વર્ષ-૧૯૭૫માં ધનસુરામાં સ્થાયી થયા હતા જ્યાં વર્ષો સુધી સારી ચિકિત્સાથી અનેક બાળકોના આરોગ્યને સુધાર્યું હતું. સ્વર્ગસ્થ પોતાની પાછળ પુત્ર ડાૅ.સુનિલ દેવકુલે (અમેરીકા) અને દિકરી સ્વાતિ શાહ સહિત બહોળા પરિવારને વિલાપ કરતા મૂકી ગયા છે.

**રાજીનામું...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવી જોઈએ જેમાં તમામે સહકાર આપવો જોઈએ. ૧૫ દિવસમાં સીબીઆઈના ડાયરેક્ટરને એક રિપોર્ટ સોંપવામાં આવશે. જો સીબીઆઈની રિપોર્ટમાં ગૃહમંત્રી અનિલ દેશમુખ પર કેસ મજબૂત બને છે તો સીબીઆઈ એફઆઈઆર દાખલ કરશે.

**હાહાકાર મચાવશે...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખતરો પાંચમી કેટેગરીના વાવાઝોડા જેવો હશે. આગામી દિવસોમાં સંક્રમણના કેસમાં આવી રહેલા વધારાના પરિણામસ્વરૂપે વૈશ્વિક સ્તરે દૈનિક નોંધાઈ રહેલા કેસમાં કોરોના મહામારી શરૂ થયા બાદનો સૌથી મોટો ઊછાળો આવશે. તેમણે કહ્યું, હું કહેવા માંગું છું કે, આ વખતે સંક્રમણના મામલે આખી દુનિયા કેટેગરી પાંચના ચક્રવાતી તોફાન જેવી સ્થિતિનો સામનો કરી રહી છે. આગામી બે અઠવાડિયામાં કોરોના મહામારી શરૂ થઈ ત્યારથી નોંધાઈ રહેલા દૈનિક કેસોમાં સૌથી મોટો ઉછાળો જોવા મળશે.

**એક લાખને પાર...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

એક્ટિવ કેસમાં ૫૦,૦૦૦નો વધારો થયો છે. દેશમાં એક્ટિવ કેસનો આંકડો ૭ લાખને પાર થઈ ગયો છે. કોરોનાના એક્ટિવ કેસની સંખ્યાને ૬થી ૭ લાખ થતા માત્ર ૩ દિવસનો સમય થયો છે.

મહારાષ્ટ્રાં ૫૦,૦૦૦ કરતા વધારે કોરોના કેસ એક દિવસમાં પહેલીવાર નોંધાયા છે. મુંબઈમાં અત્યાર સુધીના સૌથી વધુ ૧૧,૨૦૬ કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૩ મિલિનયને પાર કરી ગઈ છે, મહારાષ્ટ્ર પછી ખરાબ સ્થિતિ કેરળમાં છે જ્યાં ૧.૧ મિલિયન કેસ નોંધાયા છે. મહારાષ્ટ્ર પછી સૌથી વધુ કેસ મધ્યપ્રદેશ (૩,૧૭૮) અને ગુજરાતમાં (૨,૮૭૫) નોંધાયા છે.